

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'સ્વદેશી' 'રોજગારી'માં ગાંધીજી પણ માનતા હતા!*
*અને અમેરિકાના ટ્રંપ પણ એ જ માગતા હતા!*
*માપતા રહ્યા છે સૌ એને પોતાના ટૂંકા ગજથી -*
*ચૂંટણી ટાણે હરિફો ય એને મેણા મારતા હતા...*
*(ટ્રંપ - અમેરિકાના ગાંધી!)*

### હાઈકુ

*આમ ને આમ,*
*મનપાની મુદત -*
*થૈ જશે પૂરી...*
*(પક્ષ પલ્ટુ પ્રમુખ)*

*બેનરમાં તો*
*મેળવે છે ઊંચાઈ!!*
*વામન નેતા...*

### ચિંતન

*હર્ષસ્થાનસહસ્રાણિ ભયસ્થાનશતાનિ ચ ।*
*દિવસે દિવસે મૂઢમાવિશન્તિ ન પંડિતમ્ ॥*

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

મૂર્ખ માણસને રોજરોજ આનંદના હજારો કારમો અને ભયના સેંકડો બનાવો પ્રાપ્ત થાય છે, પણ સમજુ માણસને એમાંનું કશું થતું નથી.

મૂર્ખ વ્યક્તિ કોઈ પણ બાબતમાં ઊંડાણપૂર્વક વિચારતી નથી કે તેમાં રહેલું સત્ય સમજવા પણ પ્રયત્ન કરતી નથી. પરિણામે પોતાની મર્યાદિત સમજશક્તિ અને બુદ્ધિ પ્રમાણે કલ્પના કરી કોઈ પણ બાબતના પરિણામો વિચારી સુખી કે દુઃખી થયા કરે છે એમના આવા સુખ-દુઃખ પાછળ કોઈ તાર્કિક કારણ હોતાં નથી.

જયારે જ્ઞાની-કોઈ પણ બાબતનો તાટસ્થ્ય પૂર્ણ વિચાર કરનાર વ્યક્તિ આઘાત-પ્રત્યાઘાત અને પરિણામોથી જાગૃત હોઈ એને સુખ-દુઃખ થવાના પ્રસંગો ભાગ્યે જ આવે છે.

### સુવિચાર

- ધીરજ, સાતત્ય અને શ્રમ હોય તો સફળ મળી નક્કી જ સમજો - **સ્વેડ માર્ડન**
- જે માણસ શ્રેષ્ઠ કરવાનો પ્રયાસ કરે છે તે કદી પણ નિષ્ફળ જતો નથી - **નવનિત**
- સજ્જનને કોપાયમાન કરવામાં આવે તો પણ તેનું મન વિકૃત થતું નથી, કારણ કે સાગરના જળ ને કંઈ તણખલાથી ગરમથી ગરમ કરી શકાતું નથી - **સુભાષિત**
- પાણીની જેમ શરીર નિર્મળ બને છે તેમ મૌનના બળથી વાણીમાં નિર્મળતા આવે છે - **વિદૂર**
- અજ્ઞાનીઓ ન્યાયાધીશોના ઝભ્ભા પહેરીને બીજાના ન્યાય તોળવાની શિક્ષા કરવાનું કામ કરે છે - **વોલ્તેર**
- સાધન અને સાધ્યનો વિવેક શિખવાડાય એ જ ખરૂં શિક્ષણ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પિત્તળના લોટા ને તો રોજ માંજવો જ પડે... સોનાનો લોટો હોય તો જુદી વાત છે - **રામકૃષ્ણ પરમહંસ**
- આજનું ઔષધ - લીંબુ અને કાંદાનો રસ મેળવીને પીવાથી કોલેરા મટે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આપણાં માતા-પિતા-વડીલોએ જ આપણા માટે પવિત્રયાત્રા ધામ છે એમને 'વૃદ્ધાશ્રમ' નો મોકલી દઈ યાત્રા કરવાનો શું અરથ ?!

મહાન સંત અબુ ઉસ્માન હયરી. સાદુ અપરિગ્રહી જીવન જીવતા. એક દિવસ ફરગાનાનો એક યુવાન મક્કા મદીનાની હજ પૂરી કરી અબુ સાહેબને મળવા આવ્યો. અને અબુ સાહેબને સલામ કરી, સામાન્ય રીતે સલામનો જવાબ સલામથી અપાય છે પણ અબુ સાહેબે સલામાનો જવાબ સલામથી આપ્યો નહીં આથી પેલો યુવાન ધૂંધવાઈને અબુ સાહેબને કહેવા લાગ્યો, 'તમે સાચા મુસલમાન નથી, જોયો તમારો આ ઈન્સાફ??'

અબુ સાહેબે કહ્યું, 'તારા જેવો યુવાન પોતાની વૃદ્ધ માને બે સહારા છોડી હજ કરવા જાય એમાં કંઈ ઈન્સાફી દેખાય છે, એ મને કહે. તું તો મુસલમા શું એક ઈન્સાફ કહેવડાવવાને લાયક પણ નથી. તો હું તને એવી વળતી સલામ શા માટે કરું?'

આવું સાંભળી યુવાનની આંખ ઊઘડી ગઈ, તે સાચેસાચ પોતાના માંદી માની ઈચ્છા વિરુદ્ધ હજ કરવા ગયો હતો, માંદી મા ની સેવા કરી. તેમ કરતાં વૃદ્ધ વિચારમાં અલ્લાહને પ્યારી થઈ. યુવાન ફરી અબુ સાહેબને મળવા ગયો. આ વખતે અબુ સાહેબે એને સામે જઈને ગળે લડાદી દીધો અને કહ્યું, 'ભાઈ હવે તું સાચો મુસલાન અને સાચો ઈન્સાન.'

# દેશનો દરેક નાગરિક સરખા સન્માનનો હકદાર

**તંત્રીસ્થાનેથી...**

કાયદાપ્રધાન રવિશંકર પ્રસાદના નિવેદનથી કટ્ટર ઈસ્લામિક નેતા ઔવેસીથી લઈ કોંગ્રેસના વરિષ્ઠ નેતા સલમાન ખુરશીદ અને ડાબેરી નેતા સીતારામ યેચુરી સહિત અનેક રાજકીય હસ્તીઓને ભારતીય જનતા પાર્ટી સામે મોરચો માંડવાની તક સાંપડી છે. રવિશંકર પ્રસાદે મુસ્લિમો ભાજપને મત નહીં આપતા હોવા છતાં ભાજપા સરકાર એ સમુદાયને હેરાન નહીં કરતી હોવાનું કહી આ બિનજરૂરી વિવાદ ઊભો કર્યો છે જે પાર્ટી માટે અને સરકાર માટે શિરોવેદના બની રહેલ છે. ખરું જોતાં પ્રસાદે ઉચ્ચારેલી વાતમાં આંશિક તથ્ય પણ છે. પરંતુ અમારી સરકાર, અમારું અત્ર તત્ર સર્વત્ર શાસન હોવા છતાં અમે અમને સમર્થન નહીં આપનારા અને સામૂહિક રીતે અમારી વિરુદ્ધ સમર્થન નહિં આપનારા અને સામૂહિક રીતે અમારી વિરુદ્ધ રહેનારા એક લઘુમતી સમુદાયને હેરાન-પરેશાન નથી કરતા, એવું નિવેદન કરીને એમણે આડકતરી ચીમકી પણ આપી દીધી છે. મતલબ કે અમારું શાસન હોઈ અમે મુસલમાનોને ધોળા દિવસે તારા દેખાડી શકીએ છીએ એ એવું કરતા નથી! આ પ્રકારની વાત સાક્ષી મહારાજ કે સાધ્વી પ્રાચી જેવા કટ્ટર હિંદુત્વવાદી નેતાએ કરી હોય તો કદાચ એ રૂટીન સ્ટેટમેન્ટ તરીકે ગણાઈ જાત, પરંતુ આ વાત કાયદાપ્રધાનના પદ ઉપર બેઠેલા સમર્થ ધારાશાસ્ત્રી કરે ત્યારે એ એમના પદ કે સરકારની ધર્મનિરપેક્ષ નીતિને અનુરુપ ન જ લાગે. એમાંથી પોતાની વિરુદ્ધ રહેતા એક સંપ્રદાય વિશેષ પ્રત્યેની સૂગ અને તિરસ્કારની બૂ આવ્યા વિના ન જ રહે. રવિશંકર પ્રસાદ કહે છે કે અમને સમર્થન નહીં આપવા હોવા છતાં અમે મુસલમાનોનું સન્માન સાચવીએ છીએ. આવા નિવેદનથી તો જાણે શાસક પાર્ટી અને સરકાર મુસલમાનો પર ઉપકાર કરતી હોય એવો જ અર્થ નીકળે. ભારતના સંવિધાનમાં ધર્મ, સંપ્રદાય કે નાતજાત અથવા લિંગભેદ વગર તમામ નાગરિકોને સમાન ગણવાની અને એમના મૂળભૂત અધિકારોના સંરક્ષણની ખાતરી આપવામાં આવી છે. એટલે કોઈ એક સમુદાય, જ્ઞાતિ કે ધર્મ-સંપ્રદાયના લોકો ચૂંટણીમાં પોતાની તરફેણ ન કરે એથી એને ઊતરતી કક્ષાના ગણવા કે લાભોથી વંચિત રાખવાનો કોઈ સરકારને અધિકાર નથી મળી જતો. આવી માનસિકતા એ ખરેખર રુગ્ણ માનસિકતા ગણાવી જોઈએ. ભારતીય જનતા પાર્ટી કે કેન્દ્ર સહિતની એની સરકારો જો આવી રુગ્ણ માનસિકતાથી પીડાતી હોય તો તે દેશની લોકશાહી માટે શરમજનક બાબત બની રહેશે. સત્તા યાવચ્ચંદ્ર દિવાકરૌ નથી રહેવાથી. સમયનું ચક્ર તો ફરતું જ રહેવાનું છે. એક ધર્મ વિશેષની તરફેણને કારણે સત્તાસ્થાને પહોંચી શકાય પરંતુ ઈતિહાસમાં તો શાસકના સર્વાશ્લેષી વર્તાવની જ નોંધ લેવાતી હોય છે. અશોક અને અકબરને ઈતિહાસકારોએ જે મહત્તા આપી છે તે એમના સર્વધર્મસમભાવને કારણે છે. એકવીસમી સદીથી ઊભરતી મહાસત્તાના શાસક સમુદાય પાસે વિશ્વને સ્વાભાવિક રીતે જ વધુ ઉદાત્ત અને સર્વ સમાવેશી અભિગમની અપેક્ષા રહે. પાકિસ્તાનમાં લઘુમતી હિંદુ સમુદાય પ્રત્યે જે સેકન્ડ રેટ સિટીઝન જેવી વર્તણૂક કરાય છે એની સામે ભારતમાં ગંગા-જમની તહેજીબ સમો વર્તાવ કરીને મુસ્લિમ સમુદાયને પણ પૂરતાં માનસન્માન અને બંધારણીય અધિકારો મળતા રહ્યા છે, તેથી આપણે દુનિયાની નજરમાં જ નહીં, ઈશ્વરની આંખમાં પણ વધુ ઊજળા દેખાઈએ છીએ.

# પતિ પત્ની એક જ ઘરમાં અલગ રહે તો પણ ભરણપોષણ મળે



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫ મુજબ ભરણપોષણ મેળવવું એ દરેક પરણિત સ્ત્રીનો અધિકાર છે પછી ભલે તે પતી સાથે એક જ ઘરમાં અલગ રહેતી હોય.

ગાંધીનગરના ફેમીલી જજશ્રી ભોજક સાહેબની કોર્ટમાં ચાલતા એક ભરણપોષણના કેસમાં પતી પત્ની અને ૧૪ વર્ષનું બાળક એક જ ઘરમાં રહેતા હતા પરંતુ પતી પત્ની વચ્ચે અણબનાવ રહેતા તથા પતી ઘરમાં પુરતું અનાજ પાણી કે પત્નીની જરૂરીયાત પુરી પાડતા ના હોય વારંવાર પતી પત્ની વચ્ચે ઝઘડા ચાલતા હતા અને એકબીજા સામે છુટા હાથની મારામારીના કેસો પણ વારંવાર મહિલા પોલીસ સ્ટેશન તથા સેકટર-૨૧ પોલીસ સ્ટેશનમાં નોંધાયા હતા છેલ્લે પતીએ પત્નીને છુટી ઈંટ મારતા પત્નીને ટાંકા આવતા સારવાર કરાવેલ અને તે મતલબનો કેસ પણ નોંધાયેલ ત્યારબાદ નામદાર ફેમીલી કોર્ટમાં ક્રિ.પ્રો. કોડની કલમ ૧૨૫ મુજબ ભરણપોષણની અરજી પત્ની દ્વારા કરતા અને પોતાનું તથા બાળકના કપડાલત્તા, દાવાદારૂ તથા ખોરાકી અને બાળકના ભરણતર પેટે માસીક રૂા.૨૦,૦૦૦ ની માંગણી કરતી અરજી નામદાર કોર્ટમાં વકીલ મારફત કરતા તથા વચગાળાના ભરણપોષણ માટે પણ આંક-૫ થી અરજી ગુજારતા નામદાર કોર્ટે માત્ર બે માસમાં જ સમગ્ર અરજી ચલાવી પત્નીના માસીક ૪૦૦૦ તથા બાળકના માસીક ૪૦૦૦ લેખે ૮૦૦૦ દર માસ પત્નીને તથા બાળકને ભરણપોષણ માટે ચુકવવા હુકમ કરેલ અને ૧૦૦૦ રૂા. ખર્ચ પેટે પતીએ પત્નીને ચુકવવા હુકમ કરી સમાજમાં દાખલો બેસે તેવું જજમેન્ટ ફેમીલી જજશ્રી ભોજક સાહેબે આપેલ છે.

> **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫ મુજબ પત્ની ભરણપોષણ મેળવવા હક્કદાર છે**

સદર કેસમાં પતી પત્નીના લગ્ન ૨૦/૪/૧૯૯૮ ના રોજ સામાજીક રીત રીવાજ મુજબ વિડલોની હાજરીમાં થયેલા લગ્નબાદ પત્ની પતીના ઘરે રહેતા આવેલ શરૂઆતમાં સારૂ ચાલ્યા બાદ પતી પત્ની વચ્ચે સામાજીક વ્યવહારો તથા ઘર ખર્ચ બાબતે ઝઘડા થતા પતી પત્નીને શારીરિક અને માનસીક ત્રાસ આપવા લાગેલ પરંતુ વારંવારના પતી પત્નીના ઝઘડાથી બાળકના શિક્ષણ ઉપર પણ અસર પડતી અને રોજના ઝઘડા ઉગ્ર બનતા આજુબાજુના રહિસો પણ આ યુગલથી કંટાળી ગયેલા વારંવાર સમજાવવા છતા છુટાહાથની મારઝુડ સહન થતા પતી પત્ની વચ્ચે મારામારી થતી અને પોલીસ બોલાવી પતી પત્ની વચ્ચેના ઝઘડા શાંત કરાવી લખાણ કરી જતા રહેતા હતા.

પતી માસીક ૪૦,૦૦૦/- જેટલું કમાય છે પતીને સમન્સ બજતા કોર્ટમાં વકીલ મારફત હાજર થઈ અરજદારની અરજીઓ લેખીત જવાબ આપી તમામ વાતને રદીઓ આપેલ તથા અરજદાર પોતે એક જ ઘરમાં ઉપર નીચે રહેતા હોય ભરણપોષણ મેળવવા હક્કદાર નથી તેમના કેસને સમર્થન આપવા માટે નામદાર બોમ્બે હાઈકોર્ટના સુગધાબાઈ તથા અન્ય કર્ણાટક હાઈકોર્ટના રૂપા વિરૂધ્ધ ચન્ના બસપ્પાના કેસના ચુકાદા ટાંકી પત્ની ભરણપોષણ મેળવવા હક્કદાર નથી તેવું સાબીત કરવા પ્રયત્ન કરેલ પરંતુ નામદાર કોર્ટે ચુકાદો આપતા જણાવેલ કે બન્ને ચુકાદાને પોતે માન આપે છે પરંતુ બન્ને ચુકદા આ કેસની સ્થિતિ, સંજોગો હાલના કેસથી અલગ હોય સદર કેસમાં લાગુ પાડી શકાય નહી તેમજ સેકટર ૨૧ પોલીસ સ્ટેશનમાં સમાધાન રૂપે માસીક ૩૦૦૦ ચેકથી ચુકવવાના હુકમને પણ સામાવાળાએ માનેલ નહી અને કોઈ જ રકમ આપેલ નહી બાળકને ટયુશન જવા બસ ભાડુ કે ટાયર પંકચરના પણ પૈસા આપતા નથી તેથી નામદાર કોર્ટે મૌખીક કથન ઉપર વિશ્વાસ ના મુકી હાલના તબક્કે સદર ચુકાદાઓ તથા મૌખીક કથન ઉપર આધાર ના રાખી કોણે કોનો ત્યાગ કર્યો છે તે પુરાવો લીધા સીવાય કહી શકાય નહી હાલના તબક્કે પત્ની એક જ મકાનમાં અલગ રહે છે પરંતુ પત્ની તથા બાળકના જીવન નિર્વાહ માટે કોઈ જ વ્યવસ્થા પતી દ્વારા કરેલ ના હોય તથા અરજદારની કોઈ જ આવક ના હોય સામાવાળા માસીક રૂા.૪૦,૦૦૦ જેટલું કમાય છે તથા અમદાવાદ અને ગાંધીનગરમાં પોતાનું મકાન ધરાવતા હોય તથા માસીક કપાત બચત માત્ર ૫૦૦૦ જેટલી જ હોય ૩૫૦૦૦ નેટ પગાર મળતો હોય ટેક્ષ સીવાયની તમામ કપાત એ સામાવાળાની

**અનુસંધાન પાના નં. ૭ પર**

# શ્રદ્ધા ને વિશ્વાસ આપણો મજબૂત માળો રચશે, ભલે ફૂંકાતો પવન સમયનો, આપણો માળો ટકશે



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

એના આંસુ તમે જોયા નથી,
એટલે
એવું ધારી લેવાનું કે
એને ખારાશ વિશે ખબર જ નથી ?
એકવાર પુરુષને -
ફક્ત માણસ તરીકે જોઈને,
એના વિશે વિચારો.
એની જિંદગી નથી બદલાતી
દરેક પડાવે ?
એક જ વાત સમજાઈ છે હજી સુધી...
કે જે ચૂપ થઈ ગયો છે ને,
એને એકવાર
સાંભળી લેવો જોઈએ !
શક્ય છે કે,
થોડાક પડ ઉખેડવાથી,
એક દટાતો જતો જીવ -
ભૂતકાળ બનતો અટકી જાય!

**- બ્રિન્દા ઠક્કર**

વર્ષો સુધી સ્ત્રીઓ સહન કરતી જ રહી કરતી જ રહી. પણ અંતે ધીરે-ધીરે સમય બદલાવા માંડ્યો. સ્ત્રીઓ ભણી, આત્મનિર્ભર બની, પોતાના વિચારોને વધુ દઢપણે વ્યક્ત કરતી થઈ અને આ બધું જ કરવામાં ભલે તેને સમાજના ૭૫ % પુરુષોનો સહકાર ન સાંપડ્યો હોય પણ વર્ષો પૂર્વે તેમ જ આજે પણ ૨૫ % પુરુષોનો સહકાર સ્ત્રીઓને હંમેશા દઢપણે મળ્યો જ છે. પુરુષ સંવેદનશીલ કે કઠોર છે એવી માન્યતા સદંતર પાયાવિહોણી છે. સમાજ અને દુનિયા પુરુષનો ઉછેર એ રીતે કરે છે કે ધીમે-ધીમે પુરુષમાં રહેલી સંવેદનશીલતા તેની અંદર જ ખૂણામાં કયાંક ધરબાઈ જાય છે. સ્ત્રી માટે કમાવું, આત્મનિર્ભિર બનવું, સજીધજીને બહાર નીકળવું અને નવું Friend Circle વિકસાવવું આ તમામ બાબતો મહદંશે વૈકલ્પિક બાબતો છે. જયારે પુરુષ માટે આ તેના જીવનની સૌથી મોટી જવાબદારી છે.

**Our generation is becoming so busy trying to prove that women can do what men can do that women are losing their uniqueness.**

**Women weren't created to do everyting a man can do. Women were created to everything a man can't do.**

પુરુષ અને સ્ત્રી - એ બંને એકબીજાના પૂરક છે અને એકબીજા વિના અધૂરા છે. સ્ત્રી અને પુરુષનું સુમેળભર્યું સાયુજ્ય એક સુંદર મજાના કુટુંબ તેમજ સ્વસ્થ અને ખુશહાલ પરિવારનું નિર્માણ કરી શકે છે. પણ પુરુષ સમોવડી બનવાની લાલસામાં જાણે-અજાણ્યે સારા-સંવેદનશીલ અને પ્રેમાળ પુરુષોને ખૂબ સહન કરવું પડે છે. પુરુષ કયારેક કંટાળીને ચિત્કારી ઊઠે છે કે,

'બસ, બસ, બસ.
બહુ થયું.
સ્ત્રી, સ્ત્રી, સ્ત્રી.'
સ્ત્રીનાં દુઃખો, સ્ત્રીની તકલીફો, સ્ત્રીની સંવેદનાઓ.
અને સ્ત્રીનાં ટોણાઓ, કે પુરુષ લાગણીહીન હોય છે.
જાણો છો કેમ?
કેમ થયો હું કઠોર ?
કહેવાતો લાગણીહીન?
હું યે કોમળ હતો, મનેય રડવું આવતું
મનેય માની ગોદમાં લપાવું ગમતું.
ડર લાગતો, થાક લાગતો, પણ...
જન્મ્યો તે દિવસથી ઘરમાં મર્દની સંખ્યા વધી,
પેંડા વહેંચાયા, બસ ત્યારથી મર્દ બની જીવું છું.'

**- સુચિતા કપૂર**

બાળક નાનું હોય ત્યારથી 'છોકરીઓની જેમ કેમ રડે છે?' 'છોકરીઓની જેમ તને ડર શેનો લાગે છે?' આ પ્રકારના મ્હેણાં-ટોણાં સાંભળીને તેને પોતાની લાગણીઓને છુપાવવાની આદત પડતી જાય છે. સ્ત્રી જન્મથી જ સુંદર બને તે પ્રકારના પ્રયાસો અને પુરુષ જન્મથી જ બળવાન બને એ પ્રકારના પ્રયાસો પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવે છે. કુદરતે કેટલું સુંદર રીતે સ્ત્રી-પુરુષનું સર્જન કર્યું છે ! બાળકને જન્મ આપતી વખતે સ્ત્રીમાં અગાધ શક્તિ અને પિતા બન્યા બાદ પુરુષમાં કોમળ સંવેદનાનું આરોપણ કુદરતે વર્ષોથી કરેલું જ છે. સમય અને સંજોગો અનુસાર સ્ત્રી-પુરુષના જીવનમાં ઉંમરના પડાવો વીતતા જાય તેમ તેમનામાં લાગણી, હિંમત, સહનશીલતા આ તમામનું એક સુંદર મિશ્રણ જોવા મળે છે. આપણે કોઈ ચોક્કસ પ્રકારના પૂર્વગ્રહોની મનમાં ગાંઠ વળીને અન્ય તમામ નિર્દોષ અને સહજ રીતે જીવતા પુરુષને દંડ શા માટે આપીએ ?

દરરોજ રસોઈ બનાવતી સ્ત્રી બળવો પોકારીને જમવાનું બનાવવાનું જ સાવ બંધ કરી દે તેના કરતાં સ્ત્રી-પુરુષ બંને સાથે મળીને કયારેક આ કામ સંભાળે તો કેવું ? તે જ પ્રકારે લાઈટબીલ, ફોન બીલ, મમ્મી-પપ્પાની દવાઓ આ તમામ બાબતો સંભાળતો પુરુષ ધીરે-ધીરે અંતર્મુખી બનીને એકલો પડવા લાગે તે પહેલા તેનો હાથ પકડીને સહકાર ન આપી શકાય? આ ફરજ સ્ત્રીની અને પેલી ફરજ પુરુષની એવા એક ચોક્કસ Criteria માંથી બહાર આવીને સમય અને સંજોગો અનુસાર બંને સાથે મળીને એકબીજાને અનુકૂળ થઈને જીવે તો જીવવાનો આનંદ પણ બમણો વધી જાય અને સંબંધોનું ફૂલ પણ મઘમઘી જ ઊઠે. લોકો શું કહેશે કે દુનિયા સામે રોફ બતાવવાને બદલે આપણી સાથે ઘરમાં રહેતા વ્યક્તિને શી રીતે વધુ અનુકૂળ થઈ શકાય એ વિચારવું વધુ યોગ્ય છે. સ્ત્રીઓ પરના અત્યારના પરિણામરૂપે આજનો યુગ સ્ત્રીઓની પૂરેપૂરી તરફેણમાં આવી ગયો છે ત્યારે સ્ત્રીઓ જો બુદ્ધિપૂર્વક પણ વિચાર કરે તો સદીઓ સુધી સ્ત્રીઓનો આ ચાર્મ અકબંધ જળવાઈ રહે તે માટે પુરુષનો હાથ પકડીને તેનો સાથ મેળવીને આગળ વધે તે જ હિતાવહ છે. આ કોઈ સ્પર્ધા નથી અને પુરુષ કોઈ પ્રતિસ્પર્ધી નથી એમ સમજીને તેનો સાથ અને સહકાર મેળવીને જીવનની આ સફર આનંદપૂર્વક વિતાવવામાં આવે તો સાચે જ આ જીવન ખીલી ઊઠે !

*Last Seen :*

તું ને હું, હું ને તું બંને લઈ આવ્યા મનગમતી કંઈ સળીયે,
સહિયારા સુખના સપનાની મઘમઘતી કંઈ કળીએ.
શ્રદ્ધાને વિશ્વાસ આપણો મજબૂત માળો રચશે,
ભલે ફૂંકાતો પવન સમયનો, આપણો માળો ટકશે.

- nehalgadhavi101@gmail.com

# આઝાદીનું અમૃતપર્વ રંગેચંગે ઊજવવાનો ભાજપી સંકલ્પ



**અતિતની આજ**

ડો. હરિ દેસાઈ

- 'પંચાયતથી પાર્લામેન્ટ' સુધીનો મંત્ર : પક્ષ માટે અજેય કાંગરા ખેરવવાના ભુવનેશ્વરીવ્યૂહ
- ભગવી પાર્ટીને પુન: સોમનાથથી અયોધ્યાનો મારગ પ્રશસ્ત કરી વિજયપતાકા લહેરાવવાનો યોગ
- કૉંગ્રેસના પ્રભાવી નેતાઓને ભગવા ખેસ પહેરાવવાનો પારસમણિ મોદી-શાહની જોડીને સુલભ
- અમિત શાહનું ખોળિયું ભલે દેશનો પ્રવાસ કરે, પણ જીવ તો ગાંધીનગરની ખુરશીમાં જ લાગે છે

સુપ્રીમ કૉર્ટના તાજા નિર્દેશે અયોધ્યાની બાબરી મસ્જિદ તોડવાના પ્રકરણમાં ભાજપના નેતાઓ લાલકૃષ્ણ આડવાણી અને બીજાઓ સામે ખટલો ચલાવવાની મોકળાશ કરી આપીને ફરીને સોમનાથથી અયોધ્યાનો જાપ તાજો કર્યો છે. ભારતમાં મોદીયુગની બોલબાલાને દેશની આઝાદીના સુવર્ણપર્વની આગામી ૨૦૨૨માં ઉજવણી લગી લંબાવવાનો સત્તારૂઢ ભાજપે સંકલ્પ કર્યો છે. એ સંકલ્પ સાથે ભારતીય જનતા પાર્ટીએ હજુ સુધી અજેય રહેલાં રાજ્યોમાં વિજયપતાકા લહેરાવવા આગેકૂચ કરવાના શપથ ભુવનેશ્વર ખાતે મળેલી પક્ષની રાષ્ટ્રીય કારોબારીમાં લીધા. નિતનવતર સૂત્રો ગજવીને પ્રજાને સુવર્ણસ્વપ્રથી આંજી નાખતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હવે ન્યૂ ઈન્ડિયાના નિર્માણની આહલ્લેક જગાવી છે.એમના 'હનુમાન' એવા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ તેમનો પડ્યો બોલ ઝીલીને સત્તાપ્રાપ્તિના અશ્વમેધને આગળ ધપાવી રહ્યા છે. હવે વારો ગુજરાતનો છે. ઉત્તર પ્રદેશ કબજે કર્યા પછી સંઘ પરિવારની સઘળી શક્તિને ગુજરાત તરફ વાળીને ફરી સત્તા કબજે કરવા માટે વડા પ્રધાને અત્યારથી રોડશો કરવા માંડ્યા છે.

સૌરાષ્ટ્રની જળ યોજના 'સૌની'ના દરેક તબક્કે લોકાર્પણ માટે મોદીને તેડાવીને પક્ષના અને સરકારના મોવડીઓ કોઈ વાતની કચાશ ના રહી જાય એ પાક્કું કરી લેવા માંગે છે. વિધાનસભામાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની ચા પીવા જવાની અમિત શાહની સોગઠી બરાબર કામ કરી ગઈ છે. એક તો, બાપુની પ્રતિષ્ઠા ખંડિત કરીને પક્ષમાં જ એમના ભણી શંકા-કુશંકા જગવવા માટેનો એ માસ્ટરસ્ટ્રોક સાબિત થયો. બીજીબાજુ, બાપુની સ્થિતિ એટલી કફોડી કરી કે એ નહીં તો એમની સેનાએ એટલે કે મહેન્દ્ર સિંહ સહિતનાએ ભાજપની કૃપાદૃષ્ટિ રીતસર ભીખવી પડે.અગાઉ મોદી-શાહની જોડીએ કેશુભાઈ પટેલની જે અવસ્થા કરી હતી, એવું જ કાંઈક વાઘેલાબાપુનું કર્યું છે. પશ્ચિમ બંગાળમાં મુખ્યપ્રધાન મમતા બેનરજીએ મોદી-શાહને છેલ્લી ચૂંટણીમાં જોરદાર તમાચો માર્યો છે. એવું જ કાંઈક બીજુ જનતા દળના મુખ્યપ્રધાન નવીન પટનાઈક અને કેરળના કોમરેડો તેમજ તમિળનાડુના અન્નાદ્રમુકે કર્યું છે. ત્રિપુરા પણ હજુ માર્ક્સવાદી માણિક સરકારની સરકારને હવાલે છે. કર્ણાટકમાં કૉંગ્રેસને સત્તામાંથી વિપક્ષ ભેગી કરવા માટે મોદી-શાહે સુરંગો ગોઠવવા માંડી છે. આજીવન કૉંગ્રેસી એસ. એમ. કૃષ્ણાનું વ્રત તોડાવી એમના ગળામાં ભગવો ખેસ પહેરાવી દીધો છે. બધા વિપક્ષોને ભાજપ વિરુદ્ધ એક મંચ પર લાવવાની કોશિશો શરૂ તો થઈ છે , પણ સંઘ કાશીએ પહોંચશે કે કેમ એ મોટો પ્રશ્ન છે.

કેન્દ્રમાં ૩૦ વર્ષમાં પહેલીવાર નરેન્દ્ર મોદીના મે ૨૦૧૪ના જુવાળમાં ભાજપને એકલે હાથે રાજ કરવા જેટલી બહુમતી આપી છે. જોકે, આવા જુવાળમાં પણ પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા (હવે ઓડિશા), તમિળનાડુ અને કેરળમાં મોદીનો જાદૂ ચાલ્યો નહીં. આ મહેણું અસહ્ય છે.બિહાર વિધાનસભામાં ભાજપની કરુણ હાર કરતાં તળ દિલ્હીમાં અરવિંદ કેજરીવાલની 'આપ'નો ભવ્ય વિજય મોદીબ્રાન્ડ રાજકારણને અસહ્ય થઈ પડ્યો હોવાથી કેજરીવાલની પાર્ટી અને નેતૃત્વ વિરુદ્ધ ખુલ્લો જંગ છેડાયો છે. પંજાબ ગુમાવવાનો ગમ ભાજપની નેતાગીરીને એટલો નથી, જેટલો મમતા બેનરજી અને નવીન પટનાઈક સાણસામાં નહીં આવ્યાનો છે. કૉંગ્રેસ તો બિચારી ગપોલીમાં ઘુસી ગયાની અવસ્થામાં છે. અથવા તો એના પ્રભાવી નેતાઓને ભગવા ખેસ પહેરાવીને પોતીકા કરવાનો પારસમણિ મોદી-શાહને સુલભ છે. ભુવનેશ્વરમાં પક્ષની કારોબારી યોજાય એ પહેલાં ભાજપ થકી ક્યારેક પોતાના સાથી પક્ષ રહેલા બીજુ જનતા દળને પંચાયતની ચૂંટણીઓમાં મહાત આપ્યાની ગાજવાજ ખૂબ કરાઈ.હકીકતમાં પ્રચારતંત્ર એટલું બળૂકું છે કે લોકો માની લેવા પ્રેરાય. વાસ્તવમાં ઓડિશામાં જિલ્લા પંચાયતોની ફેબ્રુઆરી ૨૦૧૭ના અંતમાં યોજાયેલી ચૂંટણીની કુલ ૮૫૪ બેઠકોમાંથી બીજુ જનતા દળને ૪૭૩, ભાજપને ૨૯૭, કૉંગ્રેસને ૬૦ અને બાકીની ડાબેરી પક્ષો અને અપક્ષોને મળી છે. એનો અર્થ એ થયો કે મુખ્યપ્રધાન પટનાઈકના પક્ષને જ મોટાભાગની બેઠકો મળી છે. કૉંગ્રેસના ગઢમાં ભાજપે મોટાં ગાબડાં પાડ્યાં છે. ૨૦૧૨ની ચૂંટણીમાં ૮૫૩ બેઠકોમાંથી બીજુ જનતા દળને ૬૫૪ અને કૉંગ્રેસને ૧૨૮ બેઠકો મળી હતી. એટલું નિશ્ચિત છે કે પટનાઈકને ગાફેલ રહેવું પરવડે તેમ નથી કારણ ભાજપ બીજા ક્રમે છે

મોદી જુવાળ સોળે કળાએ ઝગારા મારતો હતો ત્યારે જ ઓરિસ્સામાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એકસાથે થઈ. લોકસભાની ૨૧ બેઠકોમાંથી બીજુ જનતા દળને ૨૦ અને ભાજપને રોકડી એક બેઠક મળી હતી. વિધાનસભામાં બીજુ જનતા દળને ૧૧૭, કૉંગ્રેસને ૧૬, ભાજપને ૧૦ અને માર્કસવાદી પક્ષને ૧ બેઠક મળી હતી. ૨૦૦૨માં બીજુ જનતા દળ અને ભાજપ સાથે મળીને સરકાર ચલાવતા હતા, પણ બેઉ વચ્ચેની ફારગતી પછી ૨૦૦૯ની ચૂંટણીમાં પણ પટનાઈક મેદાન મારી ગયા હતા. એમની સેનાને તોડવાની ભાજપી કોશિશો હજુ ઝાઝી સફળ નથી થઈ, પણ ૨૦૧૯માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી સુધી ચિત્ર ઘણું બદલાયું હશે. ક્યારેક સમ્રાટ અશોકે અજેય એવા અહીંના કલિંગને જીતવા બે લાખ લોકોની લાશો ઢાળીને પશ્ચાતાપ કર્યો હતો. વર્તમાન રાજકારણને આવા પશ્ચાતાપનો વખત નથી. વિજયપ્રાપ્તિ જ સંકલ્પ છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આગામી લોકસભાની ચૂંટણી પછી વર્તમાન વડા પ્રધાન મોદી વધુ પાંચ વર્ષ માટે ન્યૂ ઈન્ડિયાના સંકલ્પ સાથે કાર્યરત રહેશે, એવો ટંકાર કર્યો.સમગ્રપણે સંઘ પરિવાર અને ૧૧ કરોડની સભ્યસંખ્યા ધરાવનાર ભાજપના પ્રત્યેક કાર્યકરને કામે જોતરેલા રાખવાની જવાબદારી શાહની છે. પાંચ રાજ્યોની ચૂંટણી પછી ગુજરાતના મુખ્યપ્રધાનના ખીલે બંધાઈ જવાની મહેચ્છાની પૂર્તિ કરવા અમિત શાહ ગાંધીનગર ભેગા થશે કે પછી દિલ્હીશ્વરના સાંનિધ્યમાં રહીને ચાણક્યનીતિને અમલી બનાવશે,

**અનુસંધાન પાના નં. ૭ પર**